**ક્રિ.કે.નંબર . 16366/2024**

GJVD020075382021

## - આંક– ૧ લગત હુકમ -

આ કામેનું સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં,વર્તમાન આરોપી મહેશભાઈ ઉર્ફે મચલો ડાહ્યાભાઈ રાવલ, વિરુદ્ધ ઇ.પી.કો ની કલમ–૩૭૯ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આજ રોજ વિદ્વાન એપીપીશ્રી હાજર છે. ફરીયાદી મેહુલકુમાર જગદીશભાઈ પટેલ હાજર થઈ આંક– ૪ થી પુરસીસ રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, હાલનો કેસ અમો આગળ ચલાવવા માંગતા નથી કે વધુ કોઈ સાક્ષી રજુ કરવા માંગતા નથી કે કોઈ દસ્તાવેજો રજુ કરવા માંગતા નથી. આમ, સદર પુરસીસ તથા સમગ્ર રેકર્ડ તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિહતાની કલમ–૩૨૦(નવા કાયદાની કલમ–૩૫૯) વંચાણે લેતાં, સદર ગુનો મિલકતના માલિક કાયદા મુજબ માંડવાળ કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. આ કામેના ફરીયાદી મિલકતના માલિક હોય, તેમજ સદરહું કેસ આગળ ચલાવવા માંગતા ન હોય, તે તમામ સંજોગોમાં પુરસીસ નોંધી આરોપીને 'બિનતહોમતે' મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં, આ કામે મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો, મુદ્દામાલની માલિકી અંગે ખરાઈ કરી જે તે હક્કદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. હુકમની યાદી કરવી. હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે.

અમદાવાદ(ગ્રામ્ય)
તા.14/03/2026

( જે.એ.બક્ષી )
ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ.
અમદાવાદ(ગ્રામ્ય)
જીજે ૦૦૯૦૩